
# ઉત્તર ગુજરાતના ૭૦૦૦ બેન્ક કર્મચારીઓ હડતાળમાં જોડાયા

## બેન્કીંગ કામગીરી ઠપ્પ : આજે બીજો દિવસ : બેન્કોના ખાનગીકરણના વિરોધમાં હડતાળ, ૨૦૦૦ કરોડથી વધુનું ટર્નઓવર ઠપ્પ





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

બેન્કોના ખાનગીકરણ કરવાના વિરોધમાં બેન્ક કર્મચારીઓએ કેન્દ્ર સરકાર સામે મોરચો માંડી સોમવારથી ૨ દિવસનું રાષ્ટ્રવ્યાપી હડતાળનું એલાન કરતાં સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં પ્રથમ દિવસે રાષ્ટ્રીયકૃત બેન્કોના કર્મચારીઓ હડતાળ ઉપર ઉતરતાં બેન્કોની કામગીરી ઠપ્પ થઈ. ઉત્તર ગુજરાતના ૭૦૦૦થી વધુ બેન્ક કર્મચારીઓ પોતાના હિતોને નુકસાન થતું હોવાથી હડતાળમાં જોડાયા છે. બેન્ક કર્મીઓની હડતાળથી અજાણ અનેક ગ્રાહકો બેન્કમાં આવ્યા હતા પરંતુ કામગીરી બંધ હોવાથી પાછા ફર્યા છે. રૂા.૨૦૦૦ કરોડથી વધુનું ટર્નઓવર ઠપ્પ થયું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૪૭ તાલુકાઓમાં આવેલી ૧૧ નેશનાલાઈઝ બેન્કોની ૪૫૦થી વધુ બ્રાન્ચ સાથે જોડાયેલા ૭૦૦૦થી વધુ કર્મચારીઓ રાષ્ટ્રવ્યાપી બેન્ક હડતાળમાં જોડાયા છે. બેન્કોનું ખાનગીકરણ કરવા માટે સરકાર દ્વારા થયેલી તૈયારીઓના વિરોધમાં બેન્ક કર્મચારીનો ગુસ્સો આસમાને છે. ઓલ ઈન્ડીયા બેન્ક એમ્પલોઈઝ યુનિયન દ્વારા છેલ્લા ૧૮ મહિનામાં ૪ વખત હડતાળનું શસ્ત્ર ઉગામી કેન્દ્ર સરકારની પોલીસીનો વિરોધ કર્યો છે. ગુજરાત બેન્ક વર્કસ યુનિયનના આગેવાનો દ્વારા જણાવ્યું છે કે પહેલાં સરકારે ખોટ કરતી બેન્કોનો નફો કરતી બેન્કો સાથે વિલીનીકરણ કરીને તે બેન્કોના નફામાં ઘટાડો લાવી દીધો છે. ડૂબી રહેલાં લ્હેણાં વસુલાત કરવા માટે સરકારે કોઈ નક્કર પગલાં લીધાં નથી હવે લોકમૂડી ધરાવતી બેન્કોને ખાનગીકરણ કરવાથી સામાન્ય માણસની પૂંજી સામે જોખમ ઉભું થયું છે જેના વિરોધમાં હડતાળનું એલાન આપવામાં આવ્યું હતું.

ઉત્તર ગુજરાતમાં સ્ટેટ બેન્ક, બેન્ક ઓફ ઈન્ડીયા, બેન્ક ઓફ બરોડા સહિતની રાષ્ટ્રીયકૃત બેન્કોના કર્મચારીઓ બેન્કોના ખાનગીકરણના વિરોધમાં હડતાળ ઉપર ઉતરતાં પ્રથમ દિવસે ઉત્તર ગુજરાતના બજારોમાં હલચલ જોવા મળી હતી અને વેપારીઓ-પ્રજાના ક્લીયરીંગમાં ગયેલા કરોડો રૂપિયાના ચેક અટવાઈ પડ્યા છે.



## આકરૂન્દના નિવૃત્ત મુખ્ય શિક્ષક ઈન્દુબેન પટેલનું વિશ્વ મહિલા દિને ગૌરવ સન્માન

### નારી ગૌરવ અને બાળ કલ્યાણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી રંગ લાવી

ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના અને ગઢકંપા પ્રાથમિક શાળાના નિવૃત્ત મુખ્ય શિક્ષક ઈન્દુબેન નરેન્દ્રભાઈ પટેલની



સમાજ હીતકર નારી ગૌરવ અને બાળ કલ્યાણ ક્ષેત્રે થયેલ ઉત્કૃષ્ઠ કામગીરીમાં મહત્વનું યોગદાન આપવા બદલ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રેરીત મહિલા પ્રાથમિક શિક્ષણ દ્વારા આયોજીત ગૌરવ સન્માનમાં તેમને સન્માનિત કરાતાં આકરૂન્દ ગામના ગૌરવ પીંછમાં વધારો થયો છે.

શિક્ષક માટે કંજૂસ, કરકસર કરનારા તેવા શબ્દનો પ્રયોગ થતો હોય છે. પરંતુ શિક્ષક તરીકે કારકીર્દી શરૂ કરી યશસ્વી ૩ દાયકાથી પણ વધુ સેવાઓ આપી વયમર્યાદાના કારણે ગત વર્ષે નિવૃત્ત થયેલા ગઢકંપા પ્રા.શાળાના મુખ્ય શિક્ષક ઈન્દુબેન પટેલે શિક્ષણની સાથે સમાજ માટે દીશારૂપ અનેક કામગીરી અને લોકકલ્યાણના કાર્યો કર્યા હતા. તેઓ નિવૃત્ત થયા ત્યારે ૧૦ થી વધુ શાળાઓને રૂા.૪ લાખની મ્યુઝીકલ સીસ્ટમ અને અનેક વિસ્તારોમાં પંખી ચણ ઘર આપી પ્રા. શિક્ષક કેટલા ઉદાર હોય છે તેનું ઉમદા દ્રષ્ટાંત જિલ્લાના ૧૧ હજાર પ્રા.શિક્ષકોને પુરૂ પાડ્યું હતું. નિવૃત્ત થયા પછી પણ શિક્ષક સહિતની અનેક પ્રવૃત્તિઓમાં તેઓ સક્રીય છે ત્યારે તાજેતરમાં જ તેમને વિશિષ્ટ કામગીરી બદલ અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલના હસ્તે ગૌરવ સન્માન આપી સન્માનિત કરાયા ત્યારે જિલ્લાના પ્રા.શિક્ષકો ગદ્ગદીત બન્યા હતા.

## અરવલ્લીની મહેસૂલ કચેરીઓમાં ૭૦ વર્ષ જૂના રેકર્ડ અદ્રશ્ય

### નવનિર્મિત કચેરીઓમાં રેકર્ડ ખસેડતાં ગાયબ થયાની ચર્ચા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

અરવલ્લી જિલ્લાની મહેસૂલ કચેરીમાં ૭૦ વર્ષ જૂના દસ્તાવેજો અદ્રશ્ય થઈ ગયાં હોવાની ચર્ચા છેડાઈ છે. જિલ્લા સેવા સદનની નવનિર્મિત કચેરીઓમાં રેકર્ડ ખસેડવા સમયે અગત્યનાં કેટલાંક પોટલાં આડાં અવળાં મૂકાઈ જતાં જરૂર સમયે દસ્તાવેજો શોધવા માટે ફાંફે ચઢવા જેવી સ્થિતિ ઉભી થતી હોવાની અંદરની વાતો બહાર આવી રહી છે. જ્યારે કોઈ અરજદારને વર્ષો જૂના રેકર્ડની જરૂરીયાત ઉભી થાય તો એક કચેરી બીજી કચેરીને ખો આપતી હોવાનું બહાર આવ્યું છે.

અખંડ સાબરકાંઠામાંથી અરવલ્લી જિલ્લાની નવરચના થયાના ૫ વર્ષમાં જિલ્લાના પાટનગર મોડાસામાં સેવા સદન ખાતે મોટાભાગની સરકારી કચેરીઓ કાર્યરત થઈ છે. જૂની કચેરીઓમાંથી નવા ભવનમાં ફાળવવામાં આવેલી જગ્યાએ તમામ સરકારી રેકર્ડ ખસેડવામાં આવ્યું તે સમયે કોઈ ગંભીરતા રાખવામાં આવી ન હોય તે રીતે અનેક કચેરીઓમાં ખરા સમયે જરૂરી રેકર્ડ મળતું ન હોવાની ફરિયાદો બહાર આવી રહી છે. ખાસ કરીને મહેસૂલ કચેરીઓમાં વર્ષો જૂના રેકર્ડ ગાયબ થઈ ગયા હોય તેવી સ્થિતિ ઉભી થતી હોય છે. ખેડૂતોને કે પછી અન્ય અરજદારોને સરકારી દસ્તાવેજોની પૂર્તતા કરવા માટે જરૂર ઉભી થાય તે સમયે કચેરીમાં ધરમધક્કા ખાવા પડતા હોય છે. કહેવાય છે કે જિલ્લાની મહેસૂલ કચેરીઓમાં વર્ષો જૂના સ્વહસ્ત લિખિત ૭/૧૨, વારસાઈ નોંધ, ભાઈ ભાગીદારની ફેરબદલી નોંધ સહિતના જરૂરી પુરાવા જરૂરીયાત સમયે મળતા ન હોવાથી ગોથે ચઢવા જેવી સ્થિતિ ઉભી થતી હોય છે. જિલ્લા સેવા સદન ખાતે રેકર્ડ લાવવામાં આવ્યા પછી આડેધડ દસ્તાવેજોનાં પોટલાં મૂકી દેવાયાં હોય તેમ ખેડૂતો તેમજ અરજદારોને ખેતી તેમજ મકાનના વર્ષો જૂના દસ્તાવેજો મળતા નથી. કેટલાક કિસ્સાઓમાં તો અરજદારો કચેરીઓના ધરમધક્કા ખાય ત્યારે ખુદ સરકારી બાબુઓ પણ જૂના રેકર્ડ શોધવા માટે ઉંધા માથે થઈ જતા હોય છે.

### પ્રજાને રેકર્ડ ઉપલબ્ધ નથી તેવું લખાણ આપી રવાના કરી દેવાય છે

બાયડ : જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર તેમજ શહેરી વિસ્તારની પ્રજાને કોઈ વિગત લેવાની હોય તો સ્થાનિક ગ્રામ પંચાયત, નગરપાલિકા દ્વારા અમારે ત્યાં રેકર્ડ ઉપલબ્ધ નથી તેવું લખાણ આપી દે છે જેના કારણે પ્રજાના અનેક કામો ખોટકાઈ પડે છે. અગત્યનાં રેકર્ડ ગુમ થઈ ગયાં તેના પાછળ જવાબદાર કોણ..?? કેટલાક લોકો તો એમ કહે છે કે અનેક સરકારી કચેરીઓનાં રેકર્ડ કેટલાક ખમતીધર ઝેરોક્ષ સેન્ટરવાળાઓના ત્યાં પોટલાંના રૂપમાં પડ્યાં હોય છે જેમાં અગાઉના મામલતદાર, નાયબ મામલતદાર તેમજ કહેવાતા ભઈ સાહેબો પણ જવાબદાર છે.

## ખેડબ્રહ્મા તાલુકાનો બનાવ ખેરગઢની સગીરાનું અપહરણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

ખેડબ્રહ્મા તાલુકાના ખેરગઢ ગામની સગીરાને લલચાવી-ફોસલાવી વડોદરા જિલ્લાના ગંભીરપુરાનો રોહીત લાલજીભાઈ નાયકા અપહરણ કરી ભગાડી જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે અપહરણ તેમજ પોક્સોનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા જિલ્લાના ગંભીરપુરા ગામના ખેતમજૂર પરિવારના રોહીત નાયકાએ ખેડબ્રહ્માના ખેરગઢ પ્રાથમિક શાળા નજીક રહેતા એક પરિવારની સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી જેમાં તા.૧૪ના રોજ સગીરાને વાતોમાં ભોળવી લગ્ન કરવાની લાલચ આપી તેને અપહરણ કરી ભગાડી જવામાં આવી હતી. સગીર પુત્રી ગુમ થઈ જતાં પરિવાર ચિંતિત બન્યો હતો. સગા-સબંધીઓને ત્યાં શોધ કરવા છતાં તેનો કોઈ પત્તો મળ્યો ન હતો. આખરે વડોદરા જિલ્લાનો ઈસમ સગીરાને ભગાડી ગયો હોવાની વિગતો ધ્યાનમાં આવતાં પરિવારે પોલીસને જાણ કરી છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મોડાસામાં જરૂરીયાતમંદો સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવા પ્રયાસ

મોડાસાનગરના લઘુમતી વિસ્તારોમાં જરૂરીયાતમંદોને સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવા માટે હમદર્દ ગૃપ અને નિઃશુલ્ક માર્ગદર્શન કેન્દ્ર દ્વારા બે દિવસ માહિતી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાગૃત નાગરિકો દ્વારા સોસાયટી વિસ્તારોમાં ઘેર..ઘેર જઈ સરકારી સહાય યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. નિઃશુલ્ક માહિતી અભિયાનને સફળ બનાવવા માટે હમદર્દ ગૃપના પ્રમુખ સમીર મનવા, નિઃશુલ્ક માર્ગદર્શન કેન્દ્રના પ્રમુખ હારીથ ખાનજી, કારોબારી સભ્ય હનીફભાઈ જુબેર, લાલા ખેરૂ, જાહીદ બાંડી, લુકમાન, તોફીક રીયાઝ, લાલા મનવા, મહંમદ દાદુ ઈબ્રાહીમ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## બાયડ અને મોડાસા નગરપાલિકાના આજે 'નવા સૂકાની'ની વરણી

### ભાજપ બંધ કવરમાં મેન્ડેટ આપશે : જો અને તો ના ગણિત વચ્ચે બાયડમાં સ્નેહલભાઈ પટેલ, મોડાસામાં જલ્પાબેન ભાવસાર પ્રમુખ પદની રેસમાં આગળ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

મોડાસા અને બાયડ નગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયા પછી મંગળવારે નવા





પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે ચૂંટણી યોજાવવાની છે. બંન્ને નગરપાલિકાઓમાં નવા સૂકાની કોણ..?? તેને લઈને સૌ ઉત્સુક બન્યા છે. બાયડ નગરપાલિકામાં સ્નેહલભાઈ જગદીશભાઈ પટેલ પ્રમુખ પદે નિશ્ચિત મનાય છે. જ્યારે મોડાસા નગરપાલિકામાં જલ્પાબેન ભાવસાર રેસમાં સૌથી આગળ હોવાનું મનાય છે. સવારે ૧૧-૧૫ કલાકે પ્રમુખ-ઉપપ્રમુખ કોણ..?? તે જાહેર થશે. ભાજપ પ્રદેશ કક્ષાએથી આવેલા બંધ કવરનું મેન્ડેટ સભા સ્થળે સંગઠન હોદ્દેદાર મારફતે પહોંચાડશે. જ્યારે કોંગ્રેસ ઉમેદવારી નોંધાવશે કે કેમ..?? તેને લઈને પણ અટકળો થઈ રહી છે.

અરવલ્લી જિલ્લામાં યોજાયેલા સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ભાજપનું બુલ્ડોઝર ફરી વળતાં પંજાનો કચ્ચરઘાણ નિકળી ગયો છે. મતદારોએ ભાજપને ખોબલે ખોબલા ભરીને મત આપ્યા હોવાથી હવે અપેક્ષાઓ વધે તે પણ સ્વાભાવિક છે. બાયડ પાલિકા વિસ્તારમાં વિકાસના કામો ઠપ્પ થવાની સાથે પ્રજા-વેપારીઓ ત્રસ્ત હતા. જેમને પૂર્વ શાસકો સામે આક્રોશ દર્શાવી ભાજપને ૧૭ બેઠકો સાથે ભવ્ય જીત અપાવી. તા.૧૬ માર્ચે બાયડ પાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે સવારે ૧૧-૦૦ કલાકે અધ્યાસી અધિકારી, મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલની ઉપસ્થિતિમાં સામાન્ય સભા બોલાવવામાં આવી છે. ૨૪ બેઠકમાંથી ભાજપ ૧૭ અને કોંગ્રેસ ૭ બેઠક હોવાથી ભાજપના ઉમેદવારોનો વિજય નિશ્ચિત મનાય છે. મોડાસા પાલિકાની ૩૬ બેઠકોમાંથી ભાજપ ૧૯ અને કોંગ્રેસ ૮ તેમજ એ.આઈ.એમ.એમ. ૯ બેઠકો ઉપર વિજેતા બની છે. જેથી મોડાસામાં તલવારની ધાર ઉપર ભાજપને વહીવટ કરવો પડશે. મોડાસા પાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખ માટે આજે સવારે ૧૧-૦૦ કલાકે અધ્યાસી અધિકારી, બાયડ પ્રાંત અધિકારી ડાૅ.વિમલ બારોટની ઉપસ્થિતિમાં સામાન્ય સભા બોલાવવામાં આવી છે. પ્રમુખ-ઉપપ્રમુખની નિયુક્તિ સમયે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે નહીં તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ઉભો કરવામાં આવ્યો છે.

### બાયડ પાલિકાના નવા સૂકાનીઓની સંભવિત ટીમ

બાયડ નગરપાલિકામાં મતદારોએ બમ્પર મતદાન કરી ભાજપને યશસ્વી જીત અપાવી છે ત્યારે ભાજપ હાઈકમાન્ડે પણ બાયડ નગરપાલિકામાં તમામ જ્ઞાતિગત સમીકરણોને ધ્યાને લઈ પાલિકા પ્રમુખ-



ઉપપ્રમુખ, પક્ષના નેતા, કારોબારી અધ્યક્ષ અને દંડકના નામોની પસંદગી જાહેર કરી શકે છે જેમાં પ્રમુખ સ્નેહલભાઈ પટેલ નિશ્ચિત મનાય છે. જ્યારે ઉપપ્રમુખ પદ માટે ગાયત્રીબેન પટેલ અને મીનાબેન પટેલ વચ્ચે સ્પર્ધા થઈ શકે. પક્ષના નેતા તરીકે પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પ્રજાપતિનું નામ સાંભળવા મળ્યું છે. જ્યારે દંડક તરીકે ભાવનાબેન જોષીની પસંદગી સંભવ છે.

## બાયડ નગરપાલિકાના નવા કર્ણધારો સામે ઉભા છે અનેક પડકાર

- બાયડ પાલિકાના કર્મચારીઓ હતાશ દેખાઈ રહ્યા છે. તેઓ પાલિકા તેમજ બહારની કામગીરી કરે તે માટે પ્રયત્ન કરવો પડશે.
- બાયડ પાલિકા વિસ્તારમાં ઠેર ઠેર કચરો બાળવાની માનસિક્તા હાવિ થઈ ગઈ છે જેના કારણે અનેક રહીશો અને દુકાનદારો પરેશાન છે.
- બાયડ પાલિકામાં વેરા વસુલાતની નબળી કામગીરી છે તેમાં સુધારો લાવવો પડશે.
- બાયડ પાલિકા વિસ્તારમાં ઉભરાતી ગટરો માથાના દુ:ખાવારૂપ બની છે. દરેક વિસ્તારની પ્રજા દુર્ગંધ મારતા પાણીથી ત્રસ્ત છે તેમાંથી મુક્તિ અપાવવી પડશે.
- બાયડ પાલિકાના જે વિસ્તારોમાં રાજકીય કિન્નાખોરીથી રસ્તા સહિતની જરૂરી સવલત આપવામાં અખાડા થયા છે તેને ગંભીરતાપૂર્વક લઈ પક્ષાપક્ષીથી દૂર રહી સ્થાન અપાવવું પડશે.
- બાયડ પાલિકામાં આવતા અરજદારોને યોગ્ય જવાબ મળતા ન હતા જેથી અનેક અરજદારોએ બાયડ પાલિકામાં જવાનું ટાળ્યું છે. પાલિકા મંદિર બને તેવી સીસ્ટમ લાવવી જોઈએ.
- અગાઉના સત્તાધિશોએ ભરતી કરેલા સ્ટાફ પૈકીના કેટલાકની મનમાની ઉપર પ્રથમ અંકુશ લાવવો પડશે.
- બાયડ પાલિકાના કેટલાક વિસ્તારોમાં છેલ્લા એક સપ્તાહથી ઓછા પ્રેશરથી પાણી આવતું હોવાની ફરિયાદ છે તે માનવ સર્જીત તો નથી ને..?? તપાસ કરવી પડશે.
- બાયડ પાલિકાના તમામ કર્મચારીઓ કર્મયોગી બની વિકાસમાં સહયોગ આપે તે માટે પ્રોત્સાહીત કરવા પડશે.
- બાયડ પાલિકાએ ખરીદેલાં લાખોનાં સફાઈનાં સાધનો ધૂળ ખાઈ રહ્યા છે. કાં તો ખોટકાઈ પડ્યા છે તેની મરામત કરી ઉપયોગમાં લેવાં પડશે.
- ચૂંટણી અગાઉ જે વચનો આપ્યા હતા તે પુરા કરવા પડશે નહીંતર મતદારો ક્યારે મિજાજ બદલે તે સમજવો મુશ્કેલ છે.
- બાયડ પાલિકા વિસ્તારના વેપારીઓ, લારી-ગલ્લાવાળા કોઈપણ પ્રકારના ડર વગર ધંધો કરે અને કોઈને પણ અડચણરૂપ ન બની રહે તેની તકેદારી રાખવી પડશે.




### હિંમતનગરમાં નારીની વેદના, સંવેદના અને મર્યાદાઓ વિશે પરીસંવાદ યોજાયો

ભગીની સમાજ અને નગરપાલિકા-હિંમતનગર દ્વારા તાજેતરમાં ટાઉન હોલમાં નારીની વેદના, સંવેદના અને મર્યાદાઓ વિષય ઉપર પરીસંવાદ યોજાઈ ગયો. ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ કૌશલ્યાકુંવરબાએ નારીની વેદના, સંવેદના અને મર્યાદાઓ બાબતે પ્રકાશ ફેંકી વર્તમાન સમયમાં કેવી રીતે આગફ વધવું તે વિશે મનનીય વકતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે માલાનીબેન કોબાની, નિલાબેન પટેલ, ભગીની સમાજના પ્રમુખ મયુરાબેન શાહ, પલ્લવીબેન ગાંધી, દિપ્તીબેન વખારીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## જળ બચાવો અભિયાનનો ફિયાસ્કો : હિંમતનગરના જવાનપુરામાં દરરોજ ઉભરાતી ટાંકીથી પાણીનો વ્યય

### પાણીનું મૂલ્ય સમજાવવા છતાં તંત્ર સમજવા તૈયાર નથી

હિંમતનગર તાલુકાના જવાનપુરા ગામે જળ બચાવો અભિયાનનો ફિયાસ્કો થઈ રહ્યો છે. પીવાના પાણીની ટાંકી દરરોજ ઓવરફ્લો થતી હોવાથી અમૂલ્ય પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ઉનાળાના આરંભ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સ્થિતિ ઉભી થવાના અણસાર છે ત્યાં પાણીની પર્યાપ્ત સુવિધા ધરાવતા ગામમાં જાણે કે પાણીની કોઈ કિંમત જ ન હોય તેમ ટાંકી ભરવા સમયે હજારો લીટર પાણી રસ્તા ઉપર વહી રહ્યું છે.



ઉનાળામાં પીવાના પાણી માટે વલખાં મારતી પ્રજા પાણીની કિંમત સારી રીતે જાણતી હોય છે પરંતુ જે વિસ્તારોમાં પાણીની મહત્તમ સગવડ હોય ત્યાં પાણીનું મૂલ્ય સમજવા કોઈ તૈયાર હોતું નથી. સરકાર દ્વારા જળનું મહત્વ સમજાવવા માટે કરોડો રૂપિયાનું આંધણ કરી જળ બચાવો અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ ગામડાઓમાં તેની કોઈ અસર દેખાતી નથી. હિંમતનગર તાલુકાના જવાનપુરા ગામે પ્રજાના સદ્નસીબે ભૂગર્ભમાં પાણીની સપાટી જળવાયેલી રહી છે જેના કારણે સ્થાનિક રહીશોને પાણીની કોઈ અગવડ આજદિન સુધી ઉભી થઈ નથી પરંતુ તેની સાથે પ્રજા અને ગ્રામ પંચાયતના સત્તાધિશો પાણીનું મૂલ્ય સમજવા માટે તૈયાર ન હોય તેવા દ્રશ્યો કાયમી જોવા મળતા હોય છે. પીવાનું પાણી પુરૂ પાડતી ટાંકી ભરવા સમયે બોર શરૂ કરી ટાંકીમાં પાણી ઠાલવવામાં આવે છે પરંતુ ભરાઈ ગયા પછી બોર બંધ કરવામાં આવતો ન હોવાથી ટાંકી ઓવરફ્લો થઈ કલાકો સુધી ઉભરાતી હોય છે જેના કારણે પીવાનું કિમતી પાણી વેડફાઈ જતું હોય છે.